

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ધર્મ-વર્ણ પ્રમાણે બેઠકોનો કોટા કરી નાખો!*
*જ્ઞાતિ-જાતિની ટકાવારીથી બેઠકો ભરી નાખો!*
*ટાળી નાખો ટાંટિયાખેંચ - બચશે ચૂંટણી ખર્ચ -*
*'સર્વધર્મ સમભાવ' બૂરખો જ ઉતારી નાખો !*
*(જ્ઞાતિ-ધર્મ-સમાજનું વધતું વર્ચસ્વ)*

### હાઈકુ

*થાય છે ભંગ -*
*જ્ઞાતિ સમીકરણે -*
*શાંતિ ને ઐક્ય....*

*લોક સમૂહ -*
*જે કરે સંગઠિત -*
*સાચું - નેતૃત્વ...*

### ચિંતન

**કો હિ ભારઃ સમર્થાનાં કિ દૂરં વ્યવસાયિનામ્ ।**
**કો વિદેશઃ સવિધાનાં કઃ પરઃ પ્રિયવાદિનામ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**સમર્થ અને શક્તિશાળી લોકો માટે કોઈ પણ સ્થાન દૂર નથી, એક વિદ્યાવાન માટે કોઈ પણ દેશ વિદેશ નથી હોતું અને મધુર ભાષી વ્યક્તિ માટે કોઈ પણ પારકું નથી હોતું.**

**શક્તિશાળી વ્યક્તિ માટે પ્રત્યેક કાર્ય સરળ હોય છે. વ્યપારીઓ વૃદ્ધિ માટે દૂર દેશોમાં જાય છે. વિદ્વાનો પરદેશમાં પણ પોતાની વિદ્વવતાના લીધે સમ્માન પામે છે. તેજ પ્રમાણે મધુર ભાષણ વાળો વ્યક્તિ પારકા લોકોને પોતાના બનાવી લે છે.**

### સુવિચાર

- તારો મોટામાં મોટો દુશ્મન તને નિરખે એ રીતે તું તારી જાતનું નિરીક્ષણ કર, તો જ તું તારી જાતનો મોટામાં મોટો મિત્ર બની શકીશ - **જેરમી ટેલર**
- કભી મત ભૂલો કિ જબ હમ ચુપ હૈ, તો હમ એક હૈ, ઔર જબ હમ બાત કરતે હૈં તો હમ દોં હૈ - **ઈન્દિરા ગાંધી**
- જીવન પણ અતિ ગંભીર બિમારી છે કે તે અચૂક મૃત્યુમાં પરિણમે છે - **બાલ્ટાર ગ્રેસીયન**
- જીવન આયોજનો કરતાં અકસ્માતો પર વધુ નિર્ભર રહે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- કાન ખુલ્લા રાખો કદાચ તમે જિંદગીને સાંભળી પણ શકશો - **સંત ઓગસ્ટીન**
- એવા માણસની તાકાત અને ક્ષમતાઓ દસ તાકાતવર માણસોની બરાબર થઈ જાય છે, જેનું હૃદય પવિત્ર હોય છે - **ટેનિસન**
- આજનું ઔષધ : લીમડાના કુમળા પાનને ગાયના ઘીમાં પીસીને તે પેસ્ટ નવશેકું ગરમ કરીને ગુમડા પર મુકી પાટો બાંધી રાખવાથી ન મટી શકતા ગુમડા પણ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સુખદેવ ઋષિના મેધાવી શિષ્ય અનુજને પોતાના શાસ્ત્ર જ્ઞાનનું અભિમાન આવવા લાગ્યું. અને પોતાના સહપાઠીઓને હીન, અજ્ઞાની સમજવા લાગ્યો. ઋષિએ શિષ્યને પાઠ ભણાવવા તેને લઈને સાગર કિનારે લઈ ગયા. ગુરુએ કહ્યું, 'આ સાગરના પાણીનું આચમન કરો.' જ્ઞાની અનુજે પાણી પીધું અને તરત કોગળો કરી કહ્યું, 'અરે, ગુરુજી, આ સાગરનું પાણી તો કેટલું બધું ખારું છે. મારા મોઢાનો સ્વાદ બગડી ગયો. આવા પાણીનો શો અર્થ??' ગુરુએ કહ્યું હવે આપણે જરા આગળ જઈએ જયાં નદી આ સમુદ્રને મળે છે. 'ગુરુએ નદી કિનારે કહ્યું,' જરા આ નદીના જળનું આચમન કરી જુઓ.' અનુજે પાણી પીધું, તે શીતળ અને તરસ છીપાવનારું હતું. અનુજે પાણીના વખાણ કરતાં કહ્યું, 'પાણી તો બધે છે, પણ સાગરનું કેવું અને નદીનું કેવું??' ગુરુએ કહ્યું, 'અનુજ, સાગર એ અહંકારનું રુપ છે, એ બધું જ પોતાનામાં ભરી રાખે છે, આથી એનું જળ ખારું છે. જે કોઈના ઉપયોગમાં આવતું નથી. જયારે નદી એનું પાણી વહેંચે રાખે છે, એ ખેડૂતને આપે છે, પનિહારીઓને પણ આપે છે. એ પાણીથી જ અનાજ ઉગે છે, અને લોકોની ભૂખની આગ ઠરે છે. આથી નદીનું જળ મીઠું છે. વ્યક્તિ એ અહંકારને પોતાની પાસે ફરકવા દેવોજોઈએ નહીં, નહીંતર એની હાલત સાગર જેવી થાય. નદીની જેમ હરતાં ફરતાં વહેતાં રહેવું અને સહુને ઉપયોગી બનતા રહેવું.' ગુરુની સચોટ ટકોર વિદ્વાન અનુજને સમજમાં આવી ગઈ.

# કેજરીવાલનો સુરતી ફૂંફાડો

**તંત્રીસ્થાનેથી...**

ખુદ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ એમના અજેય ગઢણાં દિલ્હીની પ્રાદેશિક પાર્ટીએ કરેલ પ્રવેશથી અકળાઈ ઊઠ્યા છે. બાકીની પાંચે મહાનગર પાલિકાઓમાં કેસરિયા વાલમાનાં વધામણાં થયાં, અને એમ તો સુરત મહાનગરપાલિકા પર પણ ભગવો વાવટો જ ફરક્યો છે; પણ કેજરીવાલે મોદી-શાહ-પાટીલની ત્રિપુટીને સુરતમાં જ પડકારી છે; કહો કે નાક કાપીને અપસુકન કરાવ્યા છે. સુરતની નવી મૂરત સૌરાષ્ટ્રના રંગે રંગાયેલી છે. વરાછા સહિતના પાટીદાર બહુલ વિસ્તારોમાં 'આપ' ને 'પાસ' નું સમર્થન સાંપડતાં ટચૂકડી કૉલેજ કન્યા પણ કોર્પોરેટર બની ગઈ છે. કેજરીવાલ છેલ્લા પાંચેક વર્ષથી પાર્ટીનું દિલ્હી બહાર વિસ્તરણ કરવા મથતા રહ્યા છે પણ આંશિક સફળથા જ મળી છે. નજીકના પંજાબમાં હમણાં જ થયેલી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં અમરસિંદરસિંહની કોંગ્રેસ મેદાન મારી ગઈ છે. અકાલી દળ, ભાજપ અને 'આપ' હાંસિયે ધકેલાઈ ગયેલ છે. ગુજરાતમાં 'આપ' ત્રીજા પરિબળ તરીકે વિકસવાનો પ્રયાસ કરી રહેલ છે, જો કે હજી ભાજપ સામેનું બીજું પરિબળ એટલું બધું નબળું નથી પડી ગયું કે 'આપ' કોંગ્રેસનો વિકલ્પ બની શકે. કોંગ્રેસ પાસે સક્ષમ નેતૃત્વ નથી તે સાચું; પરંતુ હજી જનમાનસમાં એનાં મૂળિયાં રોપાયેલાં છે. 'આપ' તદ્દન નવો પક્ષ છે, એનો કોઈ જનાધાર ઊભો થયો નથી. ડૉ. કનુભાઈ કળસરિયા કે સુખદેવ પટેલ જેવા સ્વચ્છ ઈમેજ ધરાવતા અગ્રણીઓ 'આપ'ને જમાવવામાં નિષ્ફળ નીવડ્યા છે. વર્તમાન પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા પાટીદાર આંદોલનનું ફરજંદ હોઈ અન્ય સમુદાયોમાં ભાગ્યે જ સ્વીકૃત થઈ શકશે. હાર્દિક પટેલ પાટીદાર આંદોલનના મુખ્ય સૂત્રધાર તરીકે ઉપસેલા અને રાષ્ટ્રીય નેતાઓ એમનાં અનશન વખતે ગુજરાતની મુલાકાતે દોડી આવેલા. છતાં એમને કોંગ્રેસના નેતા તરીકે પ્રજાએ જાકારો આપી કોંગ્રેસના હાઈકમાન્ડને પણ ગુજરાતની પ્રજા આવા ચળવળિયા યુવાનોથી અંજાતી નથી એવો સ્પષ્ટ મેસેજ પાઠવી દીધો છે. ગોપાલ ઈટાલિયાના નેતૃત્વમાં 'આપ' સુરતની મહાનગરપાલિકાની ૨૭ બેઠકો જીતી શક્યું છે એ માન્યતા પણ ભૂલભરેલી છે. સુરતના પાટીદાર આંદોલનના બે અગ્રણીઓ પૈકી એકનાં પત્નીને છેલ્લી ઘડીએ કોંગ્રેસે મેન્ડેટ ન આપ્યો એથી જે વમળો સરજાયાં એમાં વરાછા વિસ્તારે 'આપ'ના ઉમેદવારોને જિતાડ્યા છે. આમ, 'આપ' ને કોંગ્રેસની ભૂલ ફળઈ છે, પણ એનું પુનરાવર્તન જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં થશે, એવું માની લેવાનું પૂરું જોખમ છે. સૌરાષ્ટ્રના પાટીદારોનું રાજકીય અને આર્થિક પાટનગર કે 'એપીસેન્ટર' સુરત છે. એથી સ્વાભાવિક છે કે સુરતના વરાછા વિસ્તારમાં વિજયની ઊજવણી કરવા આવેલ કેજરીવાલની રેલીમાં હજારોની મેદની ઉમટે. પરંતુ સૌને ખબર છે કે 'આપ' તથા કેજરીવાલનો પનો ભારતીય જનતા પાર્ટી અને એની પ્રચંડ નેતાગીરી સામે ઘણો જ ટૂંકો પડે. જો કે ગુજરાતને ત્રીજા રાજકીય પરિબળની સંકલ્પના આજ લગી તો સદી નથી. એણે રતુભાઈ અદાણી, શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી પ્રાદેશિક પાર્ટીઓને કરુણ દુર્દશામાં મૂકી જાકારો આપ્યો છે. કેજરીવાલ મોદીના વિકલ્પ તરીકે વિકસી રહ્યા હોવાનો સધિયારો બેસે તો જરૂર એમનો વરાછા બ્રાંડ ફૂંફાડો દિલ્હીના મયૂરાસનને આગામી વર્ષોમાં હચમચાવી શકે!

# જિંદગીના ઘણાં સવાલ કોર્ષ બહારના હોય છે!



## આરપાર

રાઘવજી માધડ

એક શિક્ષકે આવીને કહ્યું : 'લાઈબ્રેરીમાં પગ મુકવાની પણ જગ્યા નથી.વાંચકોથી ખીચોખીચ ભરી છે.અમુક તો બહાર બેસીને પણ વાંચન કરે છે!' આવું સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. રાજી રાજી થઈ જવાયું.અંતરથી ખુબ જ સારું લાગ્યું. થયું કે,જે દિવસે નગરની લાઈબ્રેરી ભરચક હશે તે દિવસે ખરા અર્થમાં જ્ઞાન,શિક્ષણ ને સંસ્કૃત્તિનો સૂર્ય મધ્યાહ્ને તપતો ગણાશે. પુસ્તકોનું વાંચન આ યુગનું વાસ્તવિક વિદ્યાલય છે.

પણ પછી ખબર પડી કે સરકારી નોકરી ઈચ્છતો યુવાવર્ગ,સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અર્થે લાય બ્રેરીમાં આવે છે,વાંચે છે. હા, ફેસબુકના બદલે બુક વાંચતા થાય એ પણ આ સમયનો મોટો ચમત્કાર ગણાય.

આજકાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું વાતાવરણ વસંતના જેમ પૂરબહારમાં ખીલ્યું, ખૂલ્યું ને ફાલ્યું છે. તેમાં આ નગરતો જાણે હબ,પરીક્ષાની તૈયારી માટેનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે ! આવા હજારો સ્પર્ધકો પોતાનું વતન છોડી અહીં કામચલાઉ રહેવા માટે આવી ગયા છે. જેના લીધે વાંચન-તૈયારીનો એક માહોલ સર્જાય છે. પિયર લર્નિગ પણ થાય છે. વળી અહીંની સમૃદ્ધ લાઈબ્રેરીનો પણ વિશેષ લાભ મળે છે.

કોરોનાકાળમાં નગર ઉલેચાઈ ગયું હતું. સ્પર્ધકો વતન પરત થયા હતા. પણ હવે પાછી આ બજાર માં તેજી આવી છે. ટ્યુશન કલાસિસ ને ફેકલ્ટીસની બોલબાલા થવા લાગી છે.દૂર દૂરના ગામડેથી અહીં આવી,ગજા કે ગુંજા ઉપરવટની ફી ભરી આવા પૂર્વ તૈયારીના કલાસિસમાં જોડાવા લાગ્યા છે.ગામડે બેઠો વાલી સવા શેર સૂંઠ ખાયને ખોંખારતો હશે કે, હવે મારા સંતાનનો બેડો પાર...નોકરી મળી સમજો. પણ આ નગરતો માત્ર ટગર ટગર જોયા કરે છે, કેટલાનાં સ્વપ્ન સાકાર થયા ને કેટલાનાં સ્વપ્ન રોળાયા તે !

જીવનમાં સફળતા મેળવવા માટે વાંચવું પડે,સખત મહેનત કરવી પડે... આવું સૌ કોઈ સમજે છે. તેથી ઘણાં ઊંધા માથે મહેનત કરે છે છતાંય ધાર્યુંને સારું પરિણામ આવતું નથી. પછીથી ઢીલા પગેને વીલા મોંએ વતન વાપસી કરે છે. પણ સૌથી પહેલું કે આ ગદ્ધાવૈતરું કરવાનો વખત નથી. સમજપૂર્વક મહેનત કરવાનો 'સ્માર્ટ યુગ' છે.બીજું કે, વાંચવાની સૌને ખબર છે પણ કેવી સાહિત્ય - સામગ્રી વાંચવી જોઈએ... તેની બહુ ઓછાને ખબર હોય છે. ભરતીની જાહેરાત પછીના સાવ નજીવા દિવસોમા બજારમાંથી મળતું બધું જ સાહિત્ય યથાયોગ્ય હોતું નથી.તેમાંનું અમુક તો રેપર સિવાય કોપી પેસ્ટ જ હોય છે... પણ આવી સામગ્રીની આલોચના કરવાનો અહીં ઉપક્રમ નથી. જેને પોસાય તે ખરીદેને ફાવે તે વાંચે, આ માટે સૌ સ્વતંત્ર હોય છે.

એક સ્પર્ધકે પૂછ્યું હતું : 'સર,આપ આવું કહો છો તો પછી અમારે વાંચવું શું !?' સવાલ તદ્દન વાજબી હતો. પણ આ સવાલ એકનો નહીં અનેક સ્પર્ધકોનો છે. આ સવાલ એટલા માટે થાય છે કે, આપણે તરસ લાગી છે ને હવે પાણી માટે કૂવો ખોદવા લાગ્યા છીએ ! સાવ ટૂંકા ગાળામાં, પરીક્ષાલક્ષી 'સ્માર્ટ' થઈ જવું છે એટલે આવા સવાલ થાય તે સ્વાભાવિક છે. પણ આ લાંબા સમયની તૈયારી માગી લે છે. અમુક રાજ્યોમાં ધોરણ દસ પછી, નીજી અભ્યાસ સાથે આવી સ્પર્ધાઓની પ્રારંભિક તૈયારી કરી દેવામાં આવે છે. ગ્રેજ્યુએટ થયા પછી સરળતાથી પરીક્ષામાં સફળતા પામે છે. પણ આપણે ત્યાં આવી માનસિકતા હજુ કેળવાઈ નથી.

'સર ! મેં પરીક્ષાલક્ષી ઘણું સાહિત્ય વાંચ્યું હતું પણ...' પછી નિરાસા સાથે કહેઃ 'હું સફળ ન થયો.' આવાતો અનેક ઉદાહરણ મળશે.મહેનતના અંતે પરિણામ તો શૂન્ય જ આવ્યું હોય.તેથી આગળ, કયારેક એવું પણ બને સ્પર્ધકે જે વાંચ્યું હોય,જેમાં ગળાડૂબ તૈયારી કરી હોય... તેમાંનું પરીક્ષામાં કાંઈ જ પૂછાયું ન હોય અને જે પૂછાયું હોય તે વાંચ્યું ન હોય અથવા અગાઉ જાણે - અજાણ્યે પણ મનમાં કે ધ્યાનમાં ન આવ્યું

હોય! ખિસ્સામાં સિલક કે સંપતિ હોવા છતાં ધારીએ ત્યાં વાપરી ન શકીએ તેનું દુઃખ કોને કહેવા જવું..? પણ જગતનો કોઈ સવાલ જવાબ વગરનો હોતો નથી. અહીં જવાબ માટે આવતા અંક સુધી રાહ જોવી પડશે !

**છેલ્લે :**

**જિંદગીના ઘણાં સવાલો કોર્ષ બહારના હોય છે. તેના જવાબ વ્યક્તિએ જાતે જ તૈયાર કરવાના હોય છે !**

http://raghavjimadhad.blogspot.com
Mo. 94270 50995

# આવો, માતૃભાષા અને અંગ્રેજી ભાષાનું મહત્ત્વ સમજીએ



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વની સૌથી વધુ બોલાતી ત્રણ ભાષાઓમાં પ્રથમ ક્રમે ચીની, બીજા ક્રમે સ્પેનિશ અને અંગ્રેજી ત્રીજી છે. આમ છતાંય આજે વિશ્વભરમાં રાજ અંગ્રેજી ભાષા જ કરે છે. ચીની પ્રથમ હોવાનું કારણ તો એની વસ્તી છે. અને અંગ્રેજીનું મહત્ત્વ એની વૈશ્વિકતા છે. એ આપણે સૌ જાણીએ છીએ.

અંગ્રેજી શા માટે ? અંગ્રેજીનું મહત્ત્વ આટલું બધુ કેમ છે ? પોતાની માતૃભાષાને ચાહનારા તમામ ભાષા ચાહકો પાસે આ પ્રશ્ન ના સાચા જવાબ હોય જ છે. પણ તેઓ સાચી વાત જાહેરમાં સ્વીકારતા નથી. મારી માતૃભાષાનું મને ગૌરવ છે. હું એમાં સાહિત્ય રચું છું. હું મારા સંસ્કાર, વિચાર, અભ્યાસ અને સંસ્કૃતિને મારાં સાહિત્યમાં ઉતારું છું. પણ એનો વ્યાપ કેટલો ? ગુજરાતી ભાષકો સુધી જ. વળી ભારતીય ભાષાના સર્જકોની અનુવાદિત રચનાઓ તો હિંદીમાં વાંચવા મળી જશે, પણ આજે આખું વિશ્વ જે ઝડપે બદલાઈ રહ્યું છે તે ઝડપે અંગ્રેજી ભાષા અને સાહિત્યનો વિકાસ પણ થઈ રહ્યો છે. વળી અંગ્રેજી આજે આખા વિશ્વની ભાષા બનવા જઈ રહી છે.ત્યારે અંગ્રેજીનો આટલો વિરોધ કેમ ? જેમ દરેક ભાષાની પોતાની એક આગવી સંસ્કૃતિ હોય છે. તેમ અંગ્રેજી ભાષા આખા વિશ્વની સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. વિશ્વના મોટાભાગના મુખ્ય મુખ્ય દેશોના અનેક સર્જકો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો કે કંપનીઓના ડિરેક્ટરો આજે અંગ્રેજી ભાષામાં પોતાના પુસ્તકો લખવાનું પસંદ કરે છે. જે આપણા સુધી પહોંચતા આખો યુગ બદલાઈ ગયેલો હોય છે. આજે હવે જૂની પરંપરા, કે જૂના વિચારને વળગીને રહેવાનો સમય નથી. ખૂબ જ ઝડપથી નવા પરિવર્તનો સ્વીકારીને એની સાથે દોડવું પણ જરૂરી છે. કેમ કે આ વૈશ્વિક વિકાસનો યુગ છે. સોશિયલ મીડિયા મારફતે વિશ્વના ખૂણે ખૂણા સુધી આપણે બધા પહોંચી રહ્યા છીએ. આજે અનેક દેશો, અનેક સંસ્કૃતિઓ, અનેક સરકારો છે, કોને ખબર આવતા વર્ષોમાં આખું વિશ્વ એક બને, એક જ ભાષા, એક જ સરકાર, એક જ સંસ્કૃતિ. બધુ એક જ હોય ?

અંગ્રેજી ભાષા આપણને વૈશ્વિક પરિવર્તનની જાણકારી-જ્ઞાન આપે છે. બદલાતા વિશ્વની સાથે જોડે છે. કેમ કે આજે વિશ્વ એક આધુનિક મહાનગર બની ગયું છે. જેમાં દરેક ભાષાનાં, રાજ્યનાં, જ્ઞાતિ-જાતિનાં, ધર્મના, દેશના સૌ લોકો સાથે મળીને જીવી રહ્યાં છે. આ બધાનું પ્રત્યાયનનું માધ્યમ સૌની માતૃભાષા નહીં પણ વૈશ્વિક ભાષા અંગ્રેજી છે. દિલ્હીમાં ''ઈન્ડો – ચાઈના ટ્રેડ સેન્ટર'' (આઈસીટીસી) ના પ્રેસિડેન્ટ વી.કે.મિશ્રા મારા મિત્ર છે. તેમના એક નિમંત્રણથી હું (૨૭,માર્ચ,૨૦૧૯) દિલ્હીમાં ''ઈન્ડો ચાઈના બિઝનેશ સેમિનાર''માં ગયેલો, ચીની કૉલેજીયન યુવક યુવતિઓ લાખો, કરોડો મિલિયન ડોલરોના બિઝનેશની બધાને માહિતી આપી રહ્યાં હતાં. આ યુવક યુવતિઓ નવી નવી કંપનીઓ ચલાવે છે. ભારતીય બિઝનેશ મેન સાથે મિટિંગો કરીને બિઝનેશ કરે છે. ત્યારે તેઓ ચીની નહીં અંગ્રેજીમાં વાતચીત કરે છે. આમ અંગ્રેજી બે દેશોને, સંસ્કૃતિઓને, બે બિઝનેશોને જોડવાનું કામ કરે છે. અને આપણા મોટાભાગના ભારતીય યુવક યુવતિઓ સોશ્યલ મીડિયામાં રચ્યાં પચ્યાં રહે છે. વિવિધ અભિયાનોમાં જોડાઈને પોતાનો અમુલ્ય સમય નષ્ટ કરે છે. ગુજરાતી હોવાનું મને ગૌરવ છે અને રહેશે. પણ આ ''ઈન્ડો ચાઈના બિઝનેશ સેમિનાર''માં એમના જેવું અંગ્રેજી નહીં આવડતું હોવાની મને ગ્લાનિ જરૂર થયેલી. અને ઉપરથી આ વૈશ્વિક બિઝનેશથી વંચિત રહેવાનો અફસોસ પણ નફામાં.

આજે કોઈપણ દેશ સાથે કે કંપની સાથે નોકરીથી જોડાવવું છે તો સૌ પ્રથમ અંગ્રેજી આવડવું જરૂરી જ છે. કેમ કે વિશ્વની મોટી મોટી કંપનીઓ અંગ્રેજી આવડતું હોય એને જ નોકરીઓ આપે છે. વળી એક સત્ય એ પણ છે કે ભારતમાં અને વિશ્વમાં ઘણા અભ્યાસક્રમો, ડિગ્રીઓ એવી છે કે જે માતૃભાષામાં શક્ય જ નથી. એન્જીનીયરીંગ, એમ.બી.એ, આઈ.ટી, મેડિકલ, ફાર્માસી, એમ.સી.એ, સી.એ.,જેવાં હાઈપ્રોફાઈલ વ્યાવસાયિક વૈશ્વિક ડિગ્રી ડિપ્લોમા કૉર્ષોનું માધ્યમ અંગ્રેજી છે. અને ધારો કે આપણી માતૃભાષાના પ્રેમને કારણે એનું માધ્યમ ગુજરાતી થયું અને આપણે ડિગ્રી પણ લઈ લીધી પણ દેશમાં ગમે ત્યાં કોઈ કંપનીમાં નોકરીના ઈન્ટરવ્યુંમાં ગયા ત્યારે શું ? અથવા એમાં આગળ વધવા માટે, સંશોધન કરવા માટે અનેક સંદર્ભ ગ્રંથો માતૃભાષામાં ક્યાંથી લાવીશું ? એ બધા અંગ્રેજીભાષામાં જ મળશે. આ કારણે પણ અંગ્રેજી માધ્યમ જરૂરી છે.

એક ટી.વી.ન્યૂઝ ચેનલના સર્વે મુજબ ૭૫ ટકા આપણા ભારતીય આઈ.ટી. એન્જીનીયર નોકરી માટે લાયક નથી. ૯૦ ટકા એમ.બી.એ નોકરી માટે લાયક નથી. ૫૨ ટકા ફાર્માસી કરનાર લાયક નથી. કારણ એ છે કે આ બધા શિક્ષિતો મોટેભાગે માતાપિતાની કે અન્ય કોઈની વાત માનીને, દેખાદેખીમાં કે ઓળખાણથી, ભલામણથી કે ડોનેશનથી આવા ડિગ્રી કોર્ષોમાં એડમિશન તો લઈ લે છે પરંતુ સરખું અંગ્રેજી નહીં આવડતું હોવાને કારણે માંડ માંડ પાસ થઈને પણ સાચું અને ફાંકડું અંગ્રેજી બોલી શકતા નથી. અને પરિણામે સારી સારી કંપનીઓ આવા ઉમેદવારોને ક્યારેય નોકરીઓ આપતી નથી. આપણી આસપાસ આવા અનેક ડિગ્રીધારીઓ વિના નોકરીએ હરતા ફરતા હશે. આવા બધા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સતત અપગ્રેડ થતું રહેવું પડે છે. વૈશ્વિક કક્ષાએ થતી નવી નવી શોધોની જાણકારી, એનો સતત અભ્યાસ થવો જરૂરી છે. પરંતુ આ બધુ ઈન્ટરનેશનલ અંગ્રેજી ભાષામાં હોવાથી આપણા ભારતીય યુવાનો અપગ્રેડ થઈ શકતા નથી. અને માત્ર ડિગ્રી લઈને સંતોષ માની બેસી રહે છે. માત્ર માતૃભાષા કેટલા યુવાનોને નોકરી કે વ્યવસાય આપી શકશે ? કેટલું જ્ઞાન વધારી શકશે ? કેટલો વિકાસ કરી શકશે ? આ અંગે પણ વિચારવું જોઈએ. માતૃભાષાનું મૂલ્ય ચોક્કસ હોવું જોઈએ પણ માતૃભાષાનું મહત્ત્વ સમજાવનારા કેટલા બુદ્ધિજીવીઓ, સર્જકો, સ્વયંસેવકો, નેતાઓ, અધિકારીઓ, ડોકટરો કે ઉચ્ચ સ્થાને બિરાજમાન પ્રબુદ્ધો એવા છે કે જેમના સંતાનો કે પૌત્રો કે દોહિત્રોએ પોતાની માતૃભાષામાં અભ્યાસ કર્યો છે અથવા કરે છે ? એનો પણ સર્વે થાય તો ખબર પડે કે સત્ય શું છે. જેમ આપણે કહીએ છીએ કે પહેલા માતૃભાષામાં ભણો અંગ્રેજી પછી. પરંતુ માતૃભાષામાં અભ્યાસ કર્યા પછી કેટલા યુવાનોને સારી નોકરી મળી ? કે તેઓ સારું અંગ્રેજી શીખ્યા ? એના કરતા ગ્રેજ્યુએશન સુધી અંગ્રેજી માધ્યમમાં જ અભ્યાસ કરવો જોઈએ અને સાથે સાથે માતૃભાષા સ્કૂલ – કૉલેજના અભ્યાસક્રમમાં પણ હોય અને ઘેર શીખવાનું રાખવું જોઈએ.

આપણા દેશમાં આજે માતૃભાષાને એક આંદોલનનું રૂપ આપવામાં આવે છે. તો વળી ઘણી વખત અંગ્રેજીને આપણી દુશ્મન માનીને એનો તિરસ્કાર, બહિષ્કાર કરવામાં આવે છે. શા માટે ? આ નવી પેઢી જો અંગ્રેજીથી વંચિત રહી જશે તો આવનારા વર્ષોમાં એમને કેટલી તકલીફ પડશે એ કેમ કોઈ વિચારતું નથી ? પરંતુ અફસોસ એ છે કે આજે માતૃભાષા રાજનીતિનો એક વિષય બનતી જાય છે. જેની પાછળ ઘણા ઉચ્ચ ઉદ્દેશ્યો કામ કરતા હોય છે. જો અંગ્રેજી ઓક્સફોર્ડ ડિક્ષનેરીમાં ગુજરાતી, હિંદી કે અન્ય ભાષાઓના શબ્દો ગ્રાહ્ય કરાતા હોય તો આપણે અંગ્રેજી શબ્દો કેમ સ્વીકૃત ના કરીએ ? આપણે શા માટે પ્રચલિત અંગ્રેજી શબ્દોનો બહિષ્કાર કરીને સામાજિક વ્યવસ્થાથી જુદા પડવું જોઈએ ? આપણે કોઈ મોબાઈલની દુકાને જઈને કહીએ કે મને ''ભ્રમણભાષ'' બતાવશો ? તો દુકાનદાર આપણને કેવી નજરે જોશે ? એ અખતરો એક વાર કરવા જેવો છે. આ ઉપરાંત રેલવે સ્ટેશન માટે અગ્નિરથ વિરામસ્થાન, સાયકલ - સ્કૂટર માટે દ્વિચક્રી વાહન, કિબોર્ડ માટે કુંજીપટલ, કૉમ્પ્યુટર માટે સંગણક, વેબસાઈટ માટે જાળ સ્થાન, ઈન્ટરનેટ માટે આંતરજાળ, ઈ-મેલ માટે વિજાણુ પત્ર, ફેસબૂક માટે મુખપોથી.. વગેરે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઓટીટી પ્લેટફોર્મ : ના સમજે તો સેન્સરશીપ જરૂરી છે!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

દર બીજી મિનિટે ગોળીબાર કે ફાયરિંગ... દર બીજી મિનિટે એકાદ ગંદી ગાળ... દર પાંચમી મિનિટે એકાદ સેક્સપ્રચુર દ્રશ્ય... વારંવાર દેખાડાતી હિંસા... અભદ્ર શબ્દો...અરુચિકર દ્રશ્યો...! આપણાં ઓટીટી (ઓવર ધ ટોપ) પ્લેટફોર્મ પર આવતી મોટાભાગની વેબસીરિઝમાં આ બધુ કોમન છે. 'સ્કેમ ૧૯૯૨ કે એના જેવી બીજી અમુક વેબસિરિઝોને બાદ કરતાં મોટાભાગની વેબસિરીઝ અર્થ વગરની ગાળાગાળી કે નોનસ્ટૉપ હિંસા કે જુગુપ્સાપ્રેરક દ્રશ્યોથી ભરપૂર હોય છે. જો કે સ્કેમ ૧૯૯૨માં પણ સતીશ કૌશિકના મોઢે કે છેલ્લે ચિરાગ વોરાના મોઢે વણજોઈતા અપશબ્દો હતા જ. ઓટીટી પર કોઈ પણ પ્રકારના નિયંત્રણો નથી એનો કઈક વધારે પડતો ફાયદો આ સિરિઝો બનાવનારાઓ ઉઠાવી રહ્યા છે. આ હું નહીં પણ છેલ્લા ઘણા સમયથી દેશમાં જાગૃત નાગરિકોના ઉઠતાં અવાજો છે, અને આ અવાજોનો પડઘો કોર્ટમાં પણ પડ્યો જેને લીધે હવે સરકારે ઓટીટી અને સોશિયલ મીડિયા પર પીરસતા કે પોસ્ટ થતાં કન્ટેન્ટ બાબતે પગલાં લેવાનું એલાન કર્યું છે. વધુ પડતી હિંસા, બિંજરૂરી અપશબ્દો અને અશ્લીલતા ની ફરિયાદો છેલા ઘણા સમયથી લોકો કરી રહ્યા છે.

લોકડાઉનનો સૌથી વધુ કોઈ ફાયદો કોઈને થયો હોય તો એ આ ઓટીટી ઈન્ડસ્ટ્રીને થયો છે. લોકોને આ હાથવગું મનોરંજન ગમી ગયું અને વધુ અનુકૂળ પણ લાગ્યું જેને લીધે ઓટીટી એ દીન દુગની રાત ચોગુણી પ્રગતિ કરવાનું શરૂ કર્યું છે પણ આ પ્રગતિમાં મોટાભાગના વેબસિરીઝ બનાવનારાઓએ કોઈ પણ પ્રકારના નિયંત્રણો ન હોવાને લીધે બોલ્ડ કન્ટેન્ટના નામે અશ્લીલતા અને અભદ્ર ડાયલોગ્સને આધુનિકતાને નામે પીરસ્વાનુ શરૂ કર્યું. સેન્સરને હિસાબે જે વસ્તુઓ ફિલ્મોમાં નહીં કે ઓછી બતાવી શકાય છે એને અહી બિન્દાસ્ત બતાવી શકતા હોવાને લીધે આવા કન્ટેન્ટની વાર્તામાં જરૂર હોય નહીં છતાં પણ ઉમેરવાનું ચલણ વધતું ગયું છે. 'તાંડવ', 'મિર્ઝાપુર' જેવી વેબસિરિઝોના દાખલા હાથવાગા જ છે કે જેમાં આ બધુ જાણીજોઈને સામેલ કરવામાં આવ્યું છે કે જેથી પૂરતી પબ્લિસિટી પણ મળી રહે અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે છટકબારી પણ રાખી શકાય. મોટાભાગના ઓટીટી કન્ટેન્ટ અશ્લીલતા પીરસી રહ્યા છે એ હકીકત છે. પોર્ન કે સેમી પોર્ન દરજ્જાના દ્રશ્યો જરૂરી ના હોય તો પણ 'લોકો ને આ જ ગમે છે ' એવા ઓઠા હેઠળ બેફામ પીરસી રહ્યા છે.

ઓટીટી કે સોશિયલ મીડિયા પર કોઈ દેખીતી સેન્સરશીપ ના હોવાનો ફાયદો બંને જગ્યાએ લોકો ઉઠાવી રહ્યા છે અને આયેદિન આના દુરુપયોગના કિસ્સાઓ આવતા રહે છે એવામાં કોર્ટની ટકોર અને દેશમાં ઉઠી રહેલી ઓટીટીને રેગ્યુલેટ કરવાની માગને પગલે સરકાર હવે આ બધા પર કંટ્રોલ કરવા માંગે છે અને એના પ્રથમ પ્રયાસરૂપે સરકાર ઓટીટી ને સેલ્ફ રેગ્યુલેશનની શરૂઆત કરવા જઈ રહી છે. જો કે ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે ઓટીટી મેકર્સને આ જ સલાહ આપેલી અને એના ભાગરૂપે ૧૫ જેટલા ઓટીટી પ્લેટફોર્મસે મળીને ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોશિએશન ઓફ ઈન્ડિયા (આઈએએમઆઈએ )ની સ્થાપના કરેલી જેમાં નેટફ્લિક્સ, પ્રાઈમ વિડીયો, હોટસ્ટાર જેવા મોટા માથા સામેલ છે. આ સંસ્થા દ્વારા ઓટીટી પર પીરસાતા કન્ટેન્ટને સેલ્ફ રેગ્યુલેટ કરવાની વાત હતી પણ કમનસીબી જુઓ કે આ સંસ્થા બન્યા પછીથી અત્યાર સુધીમાં કન્ટેન્ટ પર કોઈ લગામ મુકાઈ હોય એવું લાગતું નથી.

કોર્ટની ફટકાર અને લોકોમાં વધતાં રોષને લીધે હવે સરકારને પણ એમ લાગે છે કે આવા કન્ટેન્ટ પર લગામ હોવી જોઈએ. સરકારે હાલ તો ઓટીટી પર છોડયું છે કે કન્ટેન્ટને એના જોનારા દર્શકોની ઉમર મુજબ જાહેર કરે, એટ્લે કે OTT પ્લેટફોર્મે પોતાની કન્ટેન્ટ જાતે જ કેટેગરાઈઝ કરવાની રહેશે. તેના માટે તેના કન્ટેન્ટ માટે સ્પષ્ટ રીતે જાહેરાત કરવાની રહેશે કે કઈ કન્ટેન્ટે (યુનિવર્સલ), U/A 7 (વર્ષ), U/A 13 , U/A 16 છે અને કઈ કન્ટેન્ટ છ (વયસ્ક માટે) છે. આમ છતાં પણ આવનારા સમયમાં આવા કન્ટેન્ટમાં કોઈ તાર્કિક ફેરફાર ના થાય તો આગામી દિવસોમાં ઓટીટી પણ સેન્સરના દાયરામાં આવી શકે છે.

વિશ્વના ઘણા દેશોમાં ઓટીટી સેન્સરના દાયરામાં છે જ. અમેરીકામાં બધા પ્રકારના ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન ફેડરલ કમિશન રેગ્યુલેટ કરે છે તો સિંગાપોર, ચીન, સાઉથ કોરિયામાં પણ ઈન્ટરનેટ આધારિત સેન્સરશીપ કાયદાઓ છે જ. ટીવીની જેમ જો ઓટીટી પણ પોતાની મર્યાદા અને સામાજિક જવાબદારીઓ સમજી જતી હોય તો સરકારને દખલ નહીં કરવી પડે. સરકારનું કહેવું છે જો થિયેટરમાં ૧૮ વર્ષથી નીચેના લોકોને વ્યસ્ક ફિલ્મમાં પ્રવેશ ના મળતો હોય તો ઓટીટી પર આવું જ કન્ટેન્ટ પુખ્ત ના હોય એ કેવી રીતે જોઈ શકે ? કાયદો બધા માટે સમાન જ હોવો જોઈએ એમાં છૂટછાટ કેવી રીતે હોય શકે ?

ઘણા સો કોલ્ડ સુધરેલાઓને પગતિ કે બોલ્ડનેસ કે આધુનિકતાના નામે આમાં કાઈ અજુગતું નથી દેખાતું. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં રહેલા સેક્સના વર્ણનોને આજની ભદ્દી રીતે પ્રસ્તુત કરાતી સિરિઝો સાથે સરખાવનાર એ ભૂલે છે કે આજકાલ ડીજીટલી પ્રોગેસને લીધે ઓનલાઈન કન્ટેન્ટ હાથવગું છે ત્યારે એની અસરો બાળકો પર વિપરીત થવાની સંભાવના વધુ છે. ઓનલાઈન કન્ટેન્ટને લીધે થયેલા અપરાધોના અનેકો કિસ્સાઓ આવતા રહે છે. કુમળા માનસ પર આની અસર તો જેણે ભોગવી હોય એને પુછો તો ખબર પડે. આમેય સોશિયલ મીડિયાને લીધે કુમળા બાળકો પર વિપરીત અસરોની ચર્ચા થતી જ રહેતી હોય છે. આજે જ્યારે બાળકો ઓનલાઈન શું જુએ છે કે શું કરે છે એના પર વોચ રાખવી હાથવગા ઈન્ટરનેટને લીધે અઘરી છે એવામાં ઓટીટી પર પીરસાતા આવા કન્ટેન્ટ અટકે નહીં તો પણ એના વિષે એક ચોક્કસ માર્ગદર્શિતા બને એ આજ માટે નહીં પણ ભવિષ્ય માટે પણ જરૂરી છે. બાળકો તો ઠીક પણ બોલ્ડ રાજકીય કે સામાજિક કન્ટેન્ટને લીધે લોકોમાં ઉશ્કેરાટ પણ ફેલાઈ શકે છે અને ફેલાયેલાના દાખલા પણ મોજૂદ છે. તાંડવ નો દાખલો હમણાંનો જ છે. એ વિવાદાસ્પદ દ્રશ્યને કેવી રીતે જસ્ટીફાય કરશો ? ઓટીટી પ્લેટફોર્મ પર રહેલ વિદેશી કન્ટેન્ટ તો સમજ્યા કે જે તે દેશની સંસ્કૃતિના ઓઠા નીચે ચાલી જાય છે પણ ભારતીય કન્ટેન્ટ ક્યાક ને ક્યાક અભિવ્યક્તિની સ્વતંત્રતાનો નજાયજ ફાયદો ઉઠાવતા હોય એવું સ્પષ્ટ દેખાય આવે છે. સરકારના આ પગલાથી નારાજ ઓટીટી ઓપરેટરો ઓટીટી પ્લેટફોર્મને મુક્ત જ રાખવાની હિમાયત કરી રહ્યા છે પણ સાથે સાથે જેના પર ઘણા લોકોને આપતી છે એના વિષે શું પગલાં લેવાશે એના વિષે કશો ફોડ નથી પાડતા. ઘણા બધા ઓટીટી સ્ટાર્સ સરકારના આ પગલાનો વિરોધ કરી રહ્યા છે પણ સાથે સાથે પ્રગતિ અને આધુનિકતા કે સ્વતંત્રતાના નામે પીરસાતા કન્ટેન્ટ વિષે ચૂપ છે. હજુ પણ ઓટીટી પ્લેટફોર્મ પાસે સમય છે કે મુક્ત લોકશાહી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે પીરસાતા કન્ટેન્ટ પર જાતે જ લગામ મૂકે નહિતર સરકારી સેન્સરશીપ બહુ દૂર નથી.